# પેટા ક્વોટા વિવાદમાં આંધ્ર હાઈકોર્ટના ચૂકાદા સામે મનાઈ માટે સુપ્રિમનો ઈનકાર

નવી દિલ્હી,તા.૧૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમ હેઠળ સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૭ ટકા ઓબીસી ક્વોટાની અંદર લઘુમતીઓ માટે ૪.૫ ટકાના અનામત મામલે યૂપીએ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથે સાથે લઘુમતીઓ માટે ૪.૫ ટકાના ક્વોટાના આધાર મામલે પ્રશ્નો ઉઠાવ્યા હતા. સરકારના વલણ પ્રત્યે પણ લાલ આંખ કરી હતી. પેટા ક્વોટાને રદ્દ કરવાના આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આદેશને પડકાર ફેકીને દાખલ કરવામા આવેલી સરકારની અરજી પર સુનાવણી ચલાવતી વેળા સુપ્રીમ કોર્ટે આ જટિલ અને સંવેદનશીલ મામલાને હાથ ધરવા બદલ સરકારના વલણ પ્રત્યે જોરદાર નારાજગી વ્યક્ત કરી હતી. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને જેએસ ખેહારની બનેલી બેંચે કહ્યુ હતુ કે તે ખૂબ જ નાખુશ છે. કેન્દ્ર સરકારે કોઈપણ દસ્તાવેજોને ટેકો આપ્યા વગર અપીલ દાખલ કરી લીધી છે. લઘુમતીઓ માટે ૪.૫ ટકાના ક્વોટાના આધાર અંગે સુપ્રીમ સામે પ્રશ્નો કર્યા હતા. આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના આદેશ પર સ્ટે મુકવાનો ઈન્કાર કરતા સુપ્રીમ કોર્ટે ઠેરવ્યુ હતુ કે સરકારે કોર્ટમાં આ બાબત રજૂ કરી નથી કે ૪.૫ ટકા ક્વોટા આપવા માટેનો આધાર શુ છે. ૨૭ ટકા ઓબીસી ક્વોટાની અંદર ૪.૫ ટકાના ક્વોટાને સામેલ કરવાનો હેતુ શુ છે. સરકારે આદેશ પર સ્ટેના સ્વરૂપમાં વચગાળાની રાહત આપવાની માંગણી કરી હતી. અને એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આઈઆઈટી સહિત કેન્દ્રીય પ્રવેશમાં લઘુમતીઓને પ્રવેશ મળે એ જરૂરી છે. એટરની જનરલ જીઈ વહાણવટીએ દલીલ કરી હતી કે કેટલુ રક્ષણ મળે તે જરૂરી છે કારણ કે આઈઆઈટી માટે કાઉન્સિલીંગની પ્રક્રિયા ચાલી રહી છે. ૪.૫ ટકાના પેટા ક્વોટા હેઠળ ૩૨૫ વિદ્યાર્થી ક્વોલીફાઈડ થઈ ચુક્યા છે. તેમનુ કેરિયર અને ભાવી જોખમમા મુકાશે. જો કાઉન્સિલીંગ માટે તેમને ઉપસ્થિત થવાની મંજૂરી આપવામા આવશે નહિ તો મુશ્કેલી પડશે. સુપ્રીમ કોર્ટે



બુધવારના દિવસે આ નિર્ણયના સંબંધમાં સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા કેન્દ્રના વકીલ એજી વહાણવટીને આદેશ કર્યો હતો. બુધવારના દિવસે કોર્ટ આ મામલામાં વધુ સુનાવણી હાથ ધરશે. તેની અપીલમાં કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે હાઈકોર્ટે જોગવાઈને અમલી બનાવવાનો ઈન્કાર કરીને ભૂલ કરી છે. વ્યાપક સર્વે બાદ ક્વોટા આપવાનો નિર્ણય લેવામા આવી ચુક્યો છે. હાઈકોર્ટે ૨૮મી મેના દિવસે ઠેરવ્યુ હતુ કે લઘુમતીઓને ૪.૫ ટકા પેટા ક્વોટા આપવાનો નિર્ણય બિલકુલ અયોગ્ય છે. ૨૭ ટકા ઓબીસી અનામતમાંથી ૪.૫ ટકા અનામત આપવાની રજૂઆત કરવામા આવી હતી. કેન્દ્રએ એવી રજૂઆત પણ કરી હતી કે હાલમાં વચગાળાની રાહત મળી જાય તે અતિજરૂરી છે. સરકારે કેટલાક પ્રશ્ને ધારદાર દલીલો કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટ પર તેની અસર થઈ ન હતી. સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે જ્યા સુધી પેટા ક્વોટા આપવા માટે હાથ ધરવામા આવેલી વિસ્તૃત કવાયત સંબંધિત માહિતી સરકાર રજૂ કરશે નહી ત્યા સુધી પ્રવેશ અને નોકરીમાં લઘુમતી પેટાક્વોટાને રદ્દ કરવાનો પ્રશ્ન નથી. મગળવાર સુધી દસ્તાવેજો રજૂ કરવા કહેવામા આવ્યુ છે. મામલામા બુધવારના દિવસે સુનાવણી હાથ ધરવામા આવશે. કેન્દ્ર સરકારે ૪.૫ ટકાના પેટા ક્વોટા માટે નિર્ણય લેતા પહેલા રાષ્ટ્રીય લઘુમતી પંચ અને રાષ્ટ્રીય પછાત જાતિ પંચને આ મામલો સોંપવો જોઈએ. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે કોઈપણ સામગ્રી ટેકાના સંબંધમાં રજૂ કરાઈ નથી ત્યારે હાઈકોર્ટ પર દોષારોપણ કરવા યોગ્ય નથી.

## ટાટ્રા કેસમાં બીઈએમએલ વડા નટરાજન આખરે સસ્પેન્ડ

નવી દિલ્હી,તા.૧૧

સંરક્ષણ મંત્રાલયે કઠોર પગલા લઈને ટાટ્રા મામલામાં સીબીઆઈની ભલામણ બાદ આજે બીઈએમએલના વડા વીઆરએસ નટરાજનને સસ્પેન્ડ કરી દીધા હતા. ટાટ્રા કેસના સંબંધમાં તેમની સામે કઠોર પગલા લેવા ભલામણ કરવામા આવી હતી. ૬૦૦ ટ્રકો માટેની સમજૂતીને લીલી ઝંડી આપવા માટે ૧૪ કરોડ રૂપિયાની લાંચની ઓફર તેમને કરવામા આવી હતી તેવા સેનાના ભૂતપૂર્વ વડા વીકે સિંહના આક્ષેપ બાદ સીબીઆઈએ ભલમાણ કરી હતી. સીબીઆઈની ભલામણ બાદ નટરાજનને સસ્પેન્ડ કરવામા આવ્યા છે. સંરક્ષણ મંત્રાલયે અગાઉ બીઈએમએલના વડાને કારણદર્શક નોટિસ આપી હતી. સંરક્ષણ મંત્રાલયે નોટિસ આપ્યાના થોડાક દિવસ બાદ નટરાજનને સસ્પેન્ડ કરી દીધા છે. પરવાનગી વગર જનરલ વીકે સિંહ સામે બદનક્ષીની નોટિસ જારી કરવા બદલ બીઈએમએલના વડાને પહેલા કારણ દર્શક નોટિસ અપાઈ હતી. સીબીઆઈ દ્વારા કરવામા આવેલી ભલામણ બાદ બીઈએમએલના



સીએમડી નટરાજનને સસ્પેન્શન હેઠળ મુકી દેવામા આવ્યા છે. નિષ્પક્ષ તપાસની ખાતરી કરવા આ હોદ્દાથી તેમને દૂર રાખવાની જરૂર છે તેવી રજૂઆત કરવામા આવી હતી. સીબીઆઈ હાલ નટરાજન સામે જુદા જુદા આરોપોમાં ઉંડી તપાસ કરી રહી છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સિતાન્સુ કારે કહ્યુ હતુ કે નટરાજન સામે ઉંડી તપાસના ભાગરૂપે તેમને સસ્પેન્ડ કરવામા આવે તેવી ભલામણ થઈ હતી. સીએમડીના આરોપો બીઈએમએલમાં સૌથી વરિષ્ઠ ડિરેક્ટરને આપી દેવામા આવ્યા છે. છઠ્ઠી જૂનના દિવસે સંરક્ષણ મંત્રાલયે બીઈએમએલના વડા વીઆરએસ નટરાજન પાસેથી ખુલાસો માંગ્યો હતો. વીકે સિંહને નોટિસ આપવા બદલ આ ખુલાસો માંગવામા આવ્યો હતો. આ નોટિસમાં ટાટ્રા ટ્રક મુદ્દા પર સંરક્ષણ પીએસયૂ સામે બદનક્ષી વાળા નિવેદન બદલ માફીની માંગણી પણ કરવામા આવી હતી. સંરક્ષણ મંત્રાલયે કાયદાકીય નોટિસ ફટકારવા બીઈએમએલના વડાને પરવાગની આપી હોવાનો ઈન્કાર કર્યો હતો. ૩૧મી મેના દિવસે નિવૃત થયેલા જનરલ સિંહે આક્ષેપ કર્યો હતો કે એક ભૂતપૂર્વ અધિકાર દ્વારા તેઓને ૧૪ કરોડની લાંચની ઓફર કરાઈ હતી.

## ભારતમાં વિમાની ભાડાં ચીનથી ૩૦૦ ટકા વધારે

નવી દિલ્હી,તા.૧૧

જેટ એરવેજના વડા નરેશ ગોયલે આજે દાવો કર્યો હતો કે ભારતમાં વિમાની ભાડા ચીન અને અન્ય ઘણા દેશોની સરખામણીમાં ૩૦૦ ટકા વધારે છે. ઉંચા ટેક્સ રેટના કારણે ભારતમાં વિમાની ભાડા ૨૦૦થી ૩૦૦ ટકા વધારે છે. તેમણે ઉમેર્યુ હતુ કે આવી કરવેરાની સ્થિતિમાં ભારતીય ઉડ્ડનય ઉદ્યોગમાં નવા પ્રાણ ફુંકવાની બાબત ખુબ જ મુશ્કેલ રૂપ છે. બેજીંગમાં મીડિયા સાથે વાતચીત કરતા ગોયલે કહ્યુ હતુ કે ભારતીય ઉડ્ડયન ઉદ્યોગ આ ટેક્સ વ્યવસ્થા સાથે ઝડપથી આગળ વધે તેમ દેખાતુ નથી. હકીકતમાં ભારત વિશ્વમાં એક માત્ર દેશ છે જેમાં તેમની એરલાઈન્સ ઉપર સર્વિસ ટેક્સ લાગુ કરવામા આવે છે. ચીનના વિમાની ભાડા ભારતીય કેરિયરો કરતા ખુબ ઓછા છે આનુ કારણ શુ છે તેની માહિતી આપતા તેમણે કહ્યુ હતુ કે ચીનમાં કોઈપણ ટેક્સ આ પ્રકારના લેવાતા નથી. ચીન ઉપરાંત અન્ય દેશોની સરખામણીમાં પણ ભારતમા વિમાની ભાડા ખુબ વધારે છે. ભારતીય એરલાઈન્સોની ચીની એરલાઈન્સો સાથે સરખામણી કરતા તેમણે ઉમેર્યુ હતુ કે ચીનમાં તમામ એરલાઈન્સ સરકારનો ટેકો ધરાવે છે. સાથે સાથે જરૂર પડે ત્યારે મદદ પણ મળે છે. લાંબા સમયથી આ પ્રકારની વ્યવસ્થા છે. ચીની સરકાર દ્વારા તેની પોતાની એરલાઈન્સો પર કોઈ ટેક્સ લાગુ કર્યા નથી. ઘણી નાણાકીય મદદ પણ થઈ રહી છે. જેટની વિસ્તરણ યોજના અંગે માહિતી આપતા ગોયલે કહ્યુ હતુ કે યુરોપમા થોડા ક સ્તરો સાથે આગળ વધીશુ. પેરિસ, મ્યુનીચ અને ફ્રેન્કફુર્ટ જેવા નાણાં આપે તેવા સ્થળોને આવરી લેવામા આવશે. વૈશ્વિક એરલાઈન જોડાણમાં સામેલ થવાના સંદર્ભમાં ગોયલે કહ્યુ હતુ કે સ્ટાર એરલાન્સ સામે સ્કાટ ટીમ સાથે વાતચીત ચાલી રહી છે. તેમની એરલાઈન્સ ૧૦૦ એરબસ વિમાનો સામેલ કરવા ઈચ્છુક છે તેવા પ્રશ્નના જવાબમા ગોયલે કહ્યુ હતુ કે અમે ૧૦૦ એરબસ વિમાનો ખરીદવા ઈચ્છુક નથી બલ્કે ચાર વધુ એ ૩૩૦-૩૦૦ વિમાનોને પણ આવરી લેવામા આવશે.

## દક્ષિણ પશ્ચિમ મોનસૂન ઝડપથી કર્ણાટક તરફ

મેંગલોર,તા.૧૧

દક્ષિણ પશ્ચિમ મોનસુન ઝડપથી કર્ણાટકમાં આગળ વધી રહ્યુ



છે. દક્ષિણ પશ્ચિમ મોનસુન બેસવાની ઉત્સુકતા પૂર્વક રાહ જોઈ રહેલા કર્ણાટકના આંતરિક વિસ્તારોના લોકો માટે ખુબ સારા સમાચાર છે. ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે દક્ષિણ પશ્ચિમ મોનસુન વધુ આગળ વધે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આગામી બેથી ત્રણ દિવસ દરમ્યાન કર્ણાટકના આંતિરક ભાગોને પણ મોનસુન આવરી લે તેવી શક્યતા છે. કર્ણાટક સ્ટેટ નેચરલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના ડિરેક્ટર વીએસ પ્રકાશે માહિતી આપતા કહ્યુ છે કર્ણાટકમાં છેલ્લા ૨૪ કલાકમાં હળવો વરસાદ થઈ ચુક્યો છે. મળેલી માહિતી મુજબ ખેડૂતો માટે ખુબ સારા સમાચાર છે કારણ કે કર્ણાટકના આંતરિક ભાગોમા મોનસુન આગળ વધી રહ્યુ છે. જુદા જુદા ભાગોમાં વરસાદ થઈ રહ્યો છે. તાપમાનમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. તાપમાન ઘટતા ગરમીથી લોકોને મોટી રાહત મળી છે. તાપમાન ૩૮.૫૦ની આસપાસ મહત્તમ નોંધાયુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૫.૭ ડિગ્રીની આસપાસ રહ્યુ છે. ભારતીય હવામાન વિભાગની આગાહીથી માત્ર કર્ણાટકમાં જ નહી બલ્કે દેશના અન્ય ભાગોમાં લોકો પણ આશામાં છે. ભારતીય અર્થતંત્ર મોટા ભાગે કૃષિ ઉપર આધારિત છે. કૃષિ મુખ્ય રીતે મોનસુન ઉપર આધારિત છે. સરકાર અને આરબીઆઈની નજર પણ હમેંશા મોનસુન ઉપર રહે છે કારણ કે સારા વરસાદની સ્થિતિમાં જ કેટલાક કઠોર પગલા લેવાની સરકારને તક મળી શકે છે.



દેશની બહાર પગ કરી ગયેલું કાળું નાણું ભારતમાં પરત લાવવા અને તેને રાષ્ટ્રિય સંપત્તિ જાહેર કરવાની ઝુંબેશ જોરશોર પૂર્વક ચલાવી રહેલા યોગગુરૂ બાબા રામદેવ તેમની ઝુંબેશના સમર્થન માટે દેશભરમાં ફરી રહ્યા છે. જુદા જુદા રાજકીય પક્ષોના નેતાઓને મળીને તેઓ આ ઝુંબેશ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## બિહારના નેતાઓ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીથી નારાજ

પટણા,તા.૧૧

બિહારના નેતાઓ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીથી ખુબ જ નારાજ દેખાઈ રહ્યા છે. નરેન્દ્ર મોદીના જાતિ રાજકારણના સૂચનથી મુખ્યમંત્રી નીતિશ કુમાર અને શરદ યાદવ ભારે નારાજ છે. આ બંને નેતાઓએ મોદીની ટીકા કરી છે. બિહારના નેતાઓને જાતિવાદી કહેવાથી આ નેતાઓ લાલઘુમ થયેલા છે. મોદીના નિવેદનથી નારાજ નીતિશ કુમારે કહ્યુ છે કે મોદી પહેલા પોતાની સ્થિતિ અને પોતાને ઘરને સમજે તે જરૂરી છે. બીજા ઉપર નિવેદન કરવાના બદલે મોદીએ પોતાના ઘર ઉપર ધ્યાન આપવુ જોઈએ. બિહારના મુખ્યમંત્રીએ હિન્દી ભાષાની કહેવતનો ટેકો લઈને કહ્યુ હતુ કે 'ચલની સૂપ કો દૂસે તો સહી નહી હૈ' કઠોર શબ્દોમાં તેમણે કહ્યુ હતુ કે મોદી પહેલા પોતાના ઘર ઉપર નજર કરે તે જરૂરી છે. બિહાર તમામ પ્રકારની નબળાઈઓ અને બિમારીઓને પછડાટ આપીને આગળ વધી ચુક્યુ છે. અમે બીજા લોકો પર વધારે ટિપ્પણી કરતા નથી. બીજી બાજુ એનડીએના કન્વીનર શરદ યાદવે પણ મોદી પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યુ છે કે જાતિ આ દેશની વાસ્તવિકતા છે. જાતિ સારી છે કે ખરાબ તેને લઈને ચર્ચા કરી શકાય છે. મોદીને ઈતિહાસને સમજણ ઓછી છે કેટલાક રાજ્ય



ભૌગિલક સ્થિતિના કારણે પહેલાથી જ વિકસિત છે. ગુજરાત કોઈ વ્યક્તિના કારણે વિકસિત નથી બલ્કે ભૌગૌલિક કારણથી વિકસિત છે. રાષ્ટ્રીય જનતાદળના મહાસચિવ રામકૃપાલ યાદવે પણ મોદીની ટીકા કરી છે અને કહ્યુ છે કે તેઓ પોતા સાંપ્રદાયિકતાની આગ ભડકાવીને સત્તા ઉપર આવ્યા છે અને લાશ પર રાજનીતિ કરી રહ્યા છે એવામાં બીજા અંગે વાત કરવી યોગ્ય નથી. અત્રે નોંધનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નીતિશ કુમારના નામનો ઉલ્લેખ કર્યા વગર રવિવારે રાજકોટમાં કહ્યુ હતુ કે સમગ્ર ભારતના લોકો નિહાળી ચુક્યા છે કે જે રાજ્ય જાતિવાદના ઝેર ફેલાવતા રહ્યા છે તે રાજ્યોની હાલત શુ થઈ છે. તેમણે કહ્યુ હતુ કે ગુજરાતને ક્યારે પણ બિહાર બનાવાની તક ક્યારે પણ અપાશે નહી.

## રાષ્ટ્રપતિ ચૂંટણીનો કાર્યક્રમ ટૂંકમાં જાહેર કરાશે : સંપત

નવી દિલ્હી,તા.૧૧

રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના કાર્યક્રમની ટુંકમાં જાહેરાત કરવામા આવશે. નવા મુખ્ય ચૂંટણી કમિશનર વીએસ સંપતે આજે આ મુજબની માહિતી આપી હતી. સીઈસી તરીકે નો હવાલો સંભાળી લીધા બાદ તેમણે કહ્યુ હતુ કે રાષ્ટ્રપતિની ચૂંટણી સંબંધિત તમામ પ્રાથમિક કામગીરી અતિઝડપથી આગળ વધી રહી છે. ચૂંટણી કાર્યક્રમના સંદર્ભમાં ટુંક સમયમાં જ જાહેરાત કરવામા આવશે. ચૂંટણી કાર્યક્રમ ક્યારે જાહેર થશે તે અંગે પૂછવામા આવતે તેમણે કહ્યુ હતુ કે પ્રાથમિક કામ બાકી છે જેને પૂર્ણ કરી લેવામા આવ્યા બાદ કાર્યક્રમની જાહેરાત કરાશે. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના હોદ્દાની ચૂંટણી યોજવાની બાબત તેમની પ્રાથમિકતા છે. સીઈસીએ કહ્યુ હતુ કે ગુજરાત, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, ત્રિપુરા અને મેઘાલયમાં આગામી ચૂંટણી માટે તૈયારીમાં ચૂંટણીપંચ પહેલાથી જ વ્યસ્ત છે. આ તમામ રાજ્યોમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં વ્યસ્ત કર્મચારીઓને વિશેષ તાલીમ આપવામા આવી રહી છે. મતદાર યાદી સુધારણા સાથે સંબધિત કામ અને મતદાન મથકોને તર્કસંગત બનાવવા સાથે સંબંધિત કામ શર થઈ ચુક્યુ છે. ચૂંટણીપંચ આ રાજ્યોની મુલાકાત ટુંક સમયમાં લેશે. રાષ્ટ્રપતિની ચૂંટણી માટેની પ્રક્રિયા ટુંકમાં હાથ ધરાશે. આ સંબંધમાં જાહેરનામુ જારી કરવામા આવ્યા બાદ વિધીવત તમામ પ્રક્રિયા આગળ વધશે. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલની અવધિ ૨૪મી જુલાઈના દિવસે પુરી થશે. આ સંબંધમાં જાહેરનામુ આ સપ્તાહમા જાહેર કરવામા આવે તેવી વકી છે. છેલ્લે રાષ્ટ્રપતિની ચૂટણી માટેનુ જાહેરનામુ ૧૩મી જૂનના દિવસે જારી કરવામા આવ્યુ હતુ. ચૂંટણીપંચ પહેલાથી જ રાષ્ટ્રપતિની ચૂંટણી માટે જરૂરી કામગીરી શરૂ કરી દીધી છે. રાષ્ટ્રપતિના ઉમેદવારને લઈને કોંગ્રેસ અને ભાજપે કોઈ ટિપ્પણી કરી નથી. પરંતુ એનસીપીના નેતા અને ભૂતપૂર્વ અધ્યક્ષ પીએ સાંગમા પહેલાથી જ સ્પર્ધામા ઉતરી ગયા છે. નાણામંત્રી પ્રણવ મુખર્જીને રાષ્ટ્રપતિના હોદ્દા માટે સૌથી પ્રબળ દાવેદાર તરીકે ગણવામા આવે છે. પ્રણવ મુખર્જી સામે કોઈને પણ વાંધો પડે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## જયપુર પાસે શંકાસ્પદ વિમાનનું અંતે ઉતરાણ

જયપુર,તા.૧૧

મસ્કતથી ઉડાણ ભરના ચાર્ટર્ડ વિમાન આજે જોધપુર એરબેસમાં નિયંત્રિત એર સ્પેસમાં ઘુસી જતા ભારતીય તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. સાંગાનેર એરપોર્ટ ખાતે સત્તાવાળાઓ આ વિમાનને ઉતરી જવાનો આદેશ કર્યો હતો. જયપુર નજીક આ વિમાને ઉતરાણ કરતા ઉંડી ચકાસણી હાથ ધરવામા આવી હતી. મસ્કતથી ઉડાણ ભરનાર આ વિમાન ઢાકા તરફ જઈ રહ્યુ હતુ. સત્તાવાર સૂત્રોએ માહિતી આપી હતી કે કેપ્ટન ઈબ્રાહીમ હુન દ્વારા આ વિમાન ઓપરેટેડ હતુ. એરપોર્ટના સૂત્રોએ કહ્યુ હતુ કે અંતરિક્ષ વિસ્તારનો ભંગ કરવા અંગે દિલ્હી એટીસી તરફથી માહિતી મળ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરાઈ હતી.

## સંપત્તિ પ્રકરણમાં જગનમોહન ૨૫ જૂન સુધી જેલમાં રહેશે

હૈદરાબાદ,તા.૧૧

હૈદરાબાદની ખાસ સીબીઆઈ અદાલતે વાયએસઆર કોંગ્રેસના વડા જગનમોહન રેડ્ડીની જ્યુડિશિયલ કસ્ટડી આજે વધુ ૨૪ દિવસ સુધી વધારી દીધી હતી. હૈદરાબાદમાં ખાસ સીબીઆઈ અદાલતમાં જ્યુડિશિયલ અવધીને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ અગાઉ બનેલી હતી. કડપ્પાના સાંસદની ૧૪ દિવસની જ્યુડિશીયલ કસ્ટડીની અવધી આજે પૂરી થઈ હતી પરંતુ સીબીઆઈ કોર્ટે વધુ ૧૪ દિવસ સુધી કસ્ટડીને આજે લંબાવી દીધી હતી. આનો મતલબ એ થયો કે જગનમોહનને ૨૫મી જૂન સુધી જેલમાં રહેવાની ફરજ પડશે. આ ઘટનાક્રમ એવા સમયે આવ્યો છે જ્યારે આંધ્રપ્રદેશમાં લોકસભાની એક અને રાજ્યસભાની ૧૮ બેઠકોમાંથી આવતીકાલે પેટા ચૂંટણી યોજાનાર છે. અપ્રમાણ સંપત્તિ કેસના સંબંધમાં ૨૭મી મેના દિવસે જગનમોહનની ધરપકડ કરવામાં આવી હતી.

સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ રેડ્ડીની હાલમાં આકરી પૂછપરછ કરવામાં આવી હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે ગયા સપ્તાહમાં બે દિવસ સુધી જગનની જ્યુડિશિયલ કસ્ટડી વધારી દીધી હતી. સાથે સાથે વકીલોની હાજરીમાં પૂછપરછ કરવા સીબીઆઈને સૂચના આપી હતી. સીબીઆઈએ કડપ્પાના સાંસદની કસ્ટડીની માંગણી કરી હતી અને કહ્યું હતું કે પૂછપરછ દરમિયાન અગાઉ જગનમોહને પૂરતો સહકાર આપ્યો ન હતો. સીબીઆઈએ કોર્ટને એવી માહિતી પણ આપી હતી કે ૭મી જૂનના દિવસે પૂરી થયેલી પાંચ દિવસની કસ્ટડીવેળા જગનમોહને પ્રશ્નોના જવાબ આપ્યા ન હતા. સીબીઆઈ હાલ જુદી જુદી કંપનીઓ અને દેશોમાંથી ફંડ ટ્રાન્સફર અંગે માહિતી એકત્રિત કરી રહી છે જે રકમ જગનમોહનની માલિકીની કંપનીમાં આવી હતી.

## નિષ્કામ સમાજસેવાના સાધકોનું ભાવજગત

(પાના નં. ૪ નું ચાલુ)

પુરીના મંદિરમાં મહારાજ ઈન્દ્રદ્યુમ્ને જગન્નાથજીની એક લાકડાની સુંદર મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. એ રાત્રે જગન્નાથજી એમને સ્વપ્નમાં આવ્યા. દર્શન થઈને વરદાન માગવાનું કહ્યું. મહારાજે ભગવાનને કહ્યું, ''પ્રભુ! વરદાનની ઈચ્છાથી મેં આપની મૂર્તિની પ્રતિષ્ઠા નથી કરી. મારે વરદાન ન જોઈએ.''

જગન્નાથજી ન માન્યા. એમને વરદાન માગવાનો આગ્રહ કર્યો. ત્યારે રાજા ઈન્દ્રદ્યુમ્ને કહ્યું, ''મારી અનિચ્છા હોવા છતાં પણ આપ જયારે મને વરદાન આપવા ઈચ્છો છો ત્યારે એવું વરસ્દાન આપો કે મારા વંશમાં કોઈ જીવિત ન રહે!''

અઢાર પુત્રોનાં પિતા મહારાજ ઈન્દ્રદ્યુમ્નની આવી વિચિત્ર માગણી સાંભળીને જગન્નાથજી બોલ્યા, ''ભક્ત! આ શું માગી રહ્યો છે?'' ઈન્દ્રદ્યુમ્ને કહ્યું, ''મહાપ્રભુ! આ વિશાળ મંદિરના નિર્માણ અને એમાં આપની મૂર્તિની પ્રતિષ્ઠાનું શ્રેય લેવા માટે મારા વંશમાં કોઈ ન બચે એવું હું ઈચ્છું છું, કારણ કે જો મારા વંશજો હોય અને ભવિષ્યમાં અહંકારી બનીને કહે કે મારા બાપ-દાદાએ આ મંદિર બનાવ્યું છે, તો એવું કહીને તેઓ મારું અને એમનું સમગ્ર પુણ્યબળ નષ્ટ કરશે. માટે કૃપા કરી આપ આવું જ વરદાન આપો.''

... જગન્નાથજીએ 'તથાસ્તુ' કહ્યું. પુરી શહેરમાં પ્રવેશ કરતાં જ આજે પણ 'અઠરનલા' નામની સ્મશાનભૂમિ જોવા મળે છે. જયાં રાજા ઈન્દ્રદ્યુમ્નના અઢારેય પુત્રોનો અંતિમસંસ્કાર થયો.

નિષ્કામ કર્મભાવનાનું આ અનુપમ ઉદાહરણ છે. કોઈ પણ પ્રકારની પ્રસિધ્ધિ કીર્તિની અપેક્ષા રાખ્યા વિના સમાજહિતનાં કાર્યો કરનારા અમરત્વ પ્રાપ્ત કરે છે. જાણ્યે-અજાણ્યે લોકહૃદયમાં તેઓ સ્થાન મેળવી લે છે.

કવિ શ્રી માખનલાલ ચતુર્વેદી નીચેના કાવ્યપંક્તિઓમાં અદ્દ્ભુત નિષ્કામ ભાવનાની અભિવ્યક્તિ કરે છે.


**ચાહ નહીં મૈં સુરબાલા કે ગહનોં મેં ગૂંથા જાઉં ।**
**ચાહ નહીં પ્રેમ માલા મેં બિંધ પ્યારી કો લલચાઉં ॥**
**ચાહ નહીં સમ્રાટોં કે શબ પર હે હરિ ડાલા જાઉં ।**
**ચાહ નહીં દેવોં કે શિર પર ચઢૂં ભાગ્ય પર ઈઠલાઉં ॥**
**મુજે તોડ લેના બનમાલી**
**ઉસ પથ મેં દેના તુમ ફેંક ।**
**માતૃભૂમિ પર શીશ ચઢાને**
**જિસ પથ જાયેં વીર અનેક ॥**

એક પુષ્પે વ્યક્ત કરેલી નિષ્કામ ભાવના આપણા મનમાં નિર્માણ કરી સમાજસેવાના સાધક બનીએ...

## જોકોવિકને હાર આપી નડાલ ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બન્યો

પેરિસ,તા.૧૧

સ્પેનના રાફેલ નડાલે આજે વધુ એક ઈતિહાસ સર્જ્યો હતો. સૌથી વધુ સાત વખત ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ જીતવાનો નડાલે ઈતિહાસ સર્જ્યો હતો. વરસાદ ગ્રસ્ત ફાઈનલ મેચ ગઈકાલે મોકૂફ રાખવામા આવ્યા બાદ આજે આ મેચ આગળ રમાઈ હતી. પરંતુ ટેનિસ ચાહકોની તમામ ગણતરી મુજબ જ નડાલે આજે વધુ સમય બગાડ્યા વગર તેની તાકતનો પરિચય આપ્યો હતો અને તે ક્લેકોર્ટનો કિંગ કેમ છે તે બાબત સાબિત કરી હતી. નડાલે પ્રથમ ક્રમાંકિત ખેલાડી નોવાક જોકોવિક ઉપર ૬-૪, ૬-૩, ૨-૬, ૭-૫થી જીત મેળવી લીધી હતી. આની સાથે જ સર્બિયાના આ ખેલાડીના ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસના



સ્વપ્ન ઉપર પાણી ફેરવી દીધુ હતુ. રવિવાર વરસાદ પડ્યા બાદ મેચને રોકી દેવામા આવી હતી. સ્પેનિશ ખેલાડીએ તેની ૧૬મી ગ્રાન્ડ સ્લેમ ફાઈનલ રમત ઉત્કૃષ્ટ રમત રમી હતી. માત્ર એક મેચ હારીને નડાલે ફ્રેન્ચ ઓપનમાં ૫૨ મેચો જીતી છે. જે સાબિત કરેછે કે ક્લે કોર્ટ પર તેનો કોઈ જવાબ નથી. આ જીતની સાથે જ નડાલે મહાન ખેલાડી બોર્ગના છ ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતવાના રેકોર્ડને પણ તોડી દીધો હતો. જોકોવિકે ડબલ ફોલ્ડ કરતા નડાલને તક મળી ગઈ હતી. ૨૬ વર્ષીય નડાલે ૧૧મી ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધા જીતી હવે તે રોય ઈમરસનથી માત્ર એક ટ્રોફી દૂર છે. જ્યારે પીટ સામ્પ્રસથી ત્રણ અને રોજર ફેડરરથી પાંચ ટ્રોફી દૂર છે. ચાર વખત મોટી ટુર્નામેન્ટ જીતી ચુકેલા જોકોવિકે વિમ્બલ્ડન, યૂએસ ઓપન અને ઓસ્ટ્રેલિયન ઓપનમા જીત મેળવી હતી.